૧૦૫
૮

દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા •



1600090

# ચેલૈયો

સંપાદન: ગિજુભાઈ • તારાબેન



શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૨ જું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ચેલૈયો

: લેખક :

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની

પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ : મુંબઈ–૨

૧૯૬૩ બત્રીસ નયાપૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

ચેલૈયો .... .... .... ૩
કાચબો અને કાચબી .... ૧૭
માધાવાવ .... .... ૨૫

*

કુલ નકલ ૧૫,૪૬૦

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૮૬૦

બીજી આવૃત્તિ
છ મુદ્રણો
૮૪૫૦ નકલો

સાતમું મુદ્રણ
૧૧૫૦ નકલ
૩૧-૧૨-૬૩

## ચોકીયો

જનકથાની રીતે છે; જનહૃદયનો ભાવ છે. કથારંભે હરિસ્મરણ, ગુરુનમન, સંતવંદન, મંગલમૂર્તિ ગણપતિની પધરામણી.

કહે છે કે હરિગુણ તો એવા છે કે ગાતાં ગાતાં વિષ્ણુ પમાય. સતનું તો એવું બળ છે કે આસમાન પણ થંભે. સતથી સાહેબ રીઝે.

---

સાહેબ=પરમેશ્વર

અમંગળનું મંગળ તો ગણેશ જ કરે ને? ને ગુરુમહિમાની તો બલિહારી છે.

હે ભગવાન! કહેનારને સન્મતિ આપજે; સાંભળનારનું કલ્યાણ કરજે; સતનો હાથ ઝાલજે; ટેકને ટકાવજે. જેવાં સતી ચંગાવતીને ને જેવાં શેઠ સગાળશાને ફળ્યાં તેવાં સૌને ફળજે. હે ભગવાન! તારો આશરો છે.

સગાળશા નામે શેઠ છે. ચંગાવતી એની રાણી છે. નરનારીને નીમ છે કે રોજ એક સાધુને જમાડી જમવું; ન મળે તો ભખ્યા રહેવું.

ધર્મ અને ધ્યાનમાં, ભક્તિ અને ભાવમાં કામ અને કાજમાં શેઠશેઠાણી પૂરાં છે.

વર્ષોથી શેઠશેઠાણીનાં નીમ અચળ છે. અતિથિ વિના અપવાસ પડે છે; કોઈ વાર બે યે થાય ને કોઈ વાર ચારે થાય!

ખાવાની કાંઈ ખોટ છે? રિદ્ધિસિદ્ધિ શું થોડી છે? ચાકર-રસોયા કાંઈ ઓછા છે? પણ નીમ એટલે નીમ. એક વાર લીધું તે લીધું!

ગામ જાણે પરગામ જાણે, દેશ જાણે પર-દેશ જાણે, આખી દુનિયા જાણે કે સગાળશા શેઠને નીમ છે, ચંગાવતીને વ્રત છે. એમનાં વ્રત ન તૂટે.

લોકો કહે છે: "અરે, આ તો કોઈ પ્રભુનાં દાસ છે. આવાં નીમ તે પળાય?"

દેશદેશથી જાત્રા આવે છે. સુખિયાંદુખિયાં સૌ માનતા કરે છે: "હે સગાળશા શેઠ, હે ચંગાવતી રાણી! મારું દુઃખ ભાંગશો તો તમારે દર્શને આવીશ."

ભગવાને વિચાર્યું: "ચાલ ને, જોઉં તો ખરો કે શેઠશેઠાણી કેટલામાં છે? માણસ છે, આજ બોલે ને કાલ ફોક! પણ છે તો મારાં ભગત. મારી લાજ રાખશે. મારું બિરદ સાચવશે. કસોટીમાં કાચાં નહિ ઊતરે. મને ય મોટો કરી બતાવશે."

ભગવાન તો ઊપડ્યા.

મુશળધાર વરસાદ પડે છે. નદીનાળાં

---

બિરદ=ટેક મુશળધાર=ધોધમાર

ઊભરાયાં છે. ચારેકોર પાણી, પાણી ને પાણી છે! ક્યાં ય પગ મૂકવા જેટલો ય મારગ હોય તો ને? આઠ દિવસથી હેલી મંડાઈ છે. પશુપંખી, માણુસતુણસ સૌ ઘર થોભીને બેઠું છે. આ વરસાદમાં તે ક્યાં જવાય? શેઠશેઠાણીને આજે આઠમો અપવાસ છે. કાયા સહેજ કરમાઈ છે પણ મન ઊલટાં કોળ્યાં છે. "ધન્ય ઘડી ધન્ય ભાગ્ય! વ્રતવ્રતાદિની કસોટી ક્યાંથી? વ્રતે ભગવાનનું છે ને કસોટી યે એની છે. ઈ મારો વા'લો સૌને પાર ઉતારશે."

વરાપ થતી આવે છે. મોર–બપૈયાં બોલ્યા છે; કાબર–ચકલાં નીકળ્યાં છે; ચણુ–ચારો શોધે છે; ઝાંખો સૂરજ દેખાયો છે.

ખેડુ ખેતરે ચાલ્યો; વાણિયે હાટડી ઉઘાડી; સ્ત્રીઓ પાણી ભરવા ચાલી અને નિશાળિયા નિશાળમાં ચાલ્યા.

શેઠ વાણોતર બેઠા બેઠા અતિથિનો વિચાર કરે છે. શેઠ કહે: "ભાઈ! જાઓ, ને કોઈ

---

મારગ=માગ; જગ્યા કોળ્યાં છે=ખીલ્યાં છે

અતિથિને લાવો. ચંગાવતીને આઠ દી'ના અપ-
વાસ છે. અતિથિ યે બિચારો અપવાસી તો હશે
જ ને? આ હેલીમાં એ ક્યાં ગયો હશે?"

ચંગાવતી નાહ્યાં છે, ધોયાં છે, પાઠપૂજા કર્યાં છે. ચરણામૃત લીધું છે ભાતભાતનાં ભોજન બનાવે છે ને અતિથિનું રટણ કરે છે: "હમણાં આવશે આજનો અતિથિ. ચરણામૃત લેશું, ચંદનઅર્ચા કરશું, ગળે હાર આરોપશું ને કહેશું: "મહારાજ! આ સુદામાના તાંદુલ કરી જમજો. પ્રભુ! આ વિદુરની ભાજી જાણી આરોગજો. આપ તો ભાવના ભૂખ્યા છો."

સતની ટેક છે! સત સૌથી મોંઘું છે. સત માટે જીવીએ ને સત માટે મરીએ. સત એક સૂર્ય છે, સત એક ચંદ્ર છે, સત સદ્દગુરુ છે ને સત સાચી વિદ્યા છે. સતનો બેલી ભગવાન છે.

વાણોતર પાછો આવ્યો છે. કહે છે: "એક અતિથિ તો છે; પણ ગામના તળાવે બેઠો છે. કાયા તો કોઢણી ને કૂબડી છે પણ કાંઈ મોંઘો

છે! કહે છે કે ગરજ હોય તો શેઠશેઠાણી આવે ને તેડી જાય. એક એનો તેડ્યો આવું. નહિતર મારે આ બેઠો."

શેઠશેઠાણીનાં હૈયાં હરખ્યાં છે: "ભલા, આવો અતિથિ આપણે ત્યાં ક્યાંથી? રોજ તો ઘેર આવે છે. સામે જવાનું તો કદી સાંપડ્યું જ નથી. સાજાસારા તો ઘણા યે જમાડ્યા છે, પણ કોઢિયા કુષ્ટીને હજી ક્યાં સંતોષ્યા છે?"

શેઠ ઊભા થયા. અણવાણે પગે ચાલી નીકળ્યા. તળાવકાંઠે જઈને ઊભા રહ્યા. પ્રણામ કર્યા; ચરણામૃત લીધાં; કર જોડીને ઊભા રહ્યા.

શેઠ વીનવી કહે છે: "મહારાજ! પધારો; અમ ગરીબની ઝૂંપડી પાવન કરો. રાંકની રાબડી ખવરાવશું ને પેટ ઠારશું."

અતિથિ કહે: "મારાથી એમ શી રીતે અવાય? આ મારી કાયા કાંઈ મારે હાથ થોડી છે?"

શેઠ કહે: "કહો તો મહારાજ રથ મોકલું,

---

અણવાણે=ઉઘાડે; જોડા વિનાને

કહો તો પાલખી મોકલું; મહીં ગાદી ને ગાદલાં પથરાવું."

અતિથિ વાણી વદે છે: "શેઠજી! મારે તમારા રથનું યે કામ નથી ને બથનું યે કામ નથી. અમારે વળી વાહન શાં? અમે રહ્યા સાધુ. અમારે વૈભવ શાના? અમે તો મનમોજી કહેવાઈએ. તારા ઘરની નાર મને તેડવા આવે તો આવીએ. નહિતર આ બેઠા તળાવની પાળે."

શેઠ પાછા આવ્યા છે. શેઠાણીને પૂછે છે. સતી સાંભળીને હરખાયાં છે: "ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય! એવા અતિથિ ક્યાંથી કે મારું સામૈયું માગે? લ્યો, હું યે આ આવી."

ચંગાવતીએ તો ઝટઝટ સોળ શણગાર સજ્યા, મહામોંઘો સાળુ ઓઢ્યા, કપાળે ચાંદલો કર્યો ને મલપતાં મલપતાં ચાલી નીકળ્યાં.

તળાવે આવીને કહે છે: "મહારાજ? પધારો, રંકનું ઘર પાવન કરો."

અભ્યાગત વાણી વદે છે: "હું તે તમારા

અભ્યાગત=આવી ચડેલો મહેમાન

ગાડી–ઘોડામાં કેમ બેસું ? હું તો તમારો તેડ્યો આવું. કરંડિયામાં બેસાડો ને માથે મૂકીને લઈ ચાલો."

શરીરમાંથી લોહીપાસ વહ્યાં જાય છે. દેહ બધો અઢીંગ ગંધાય છે. પણ ચંગાવતીને ટેક છે; એને મન અતિથિ દેવ છે. અતિથિને સંતોષવો છે ને વ્રત આચરવાં છે.

શેઠાણીએ કરંડિયો માથે મૂક્યો છે. ગાતાં-વાતાં ચાલ્યાં આવે છે. લોહી ને પાસ નકરું નીતરે છે, ને ચંગાવતીનાં ચીર ભીંજાયા છે.

શેઠાણી કહે: "આ વૈતરું તો કપૂરનું. હે ભગવાન! રોજ આવા અતિથિ આપજે."

ગામ બધું જોવા મળ્યું છે. લોક હાંસી કરીને કહે છે: "ક્યાંઈ આવું તે દેખ્યું છે? આવા અતિથિ શું ગૂડવાના હતા? મોઢે કોણ કહે? ક્યાંઈ આવાં વ્રત તે હોતાં હશે?"

શેઠશેઠાણી ઘેર આવ્યાં. અતિથિને લાવી આંગણે પધરાવ્યા. નવરાવ્યા, ધોવરાવ્યા ને

અઢીંગ=બહુ

પાટલે બેસારી પૂજા કરી. ચરણામૃત લીધાં ને વીનવ્યા: "ભગવાન! આ રાંકના ઘરની રાબડી, આ સુદામાના તાંદુલ, આ વિદુરની ભાજી: ભાવે કરીને આરોગો, મહારાજ!"

શેઠશેઠાણી બેસી વા ઢોળે છે; અતિથિની સેવા કરે છે.

અતિથિ બોલ્યા: "શેઠ! તમારાં ભાત-ભાતનાં ભોજન અમારે શા કામનાં? અમે તો પરમાટીના આહારી. હોય તો એ લાવો, નહિ-તર અમને રજા આપો.'

શેઠશેઠાણી વિચાર કરે છે: "આંગણે આવેલો અતિથિ કાંઈ પાછો જાય?"

કસાઈવાડેથી માટી મગાવી, ને રાંધી કરીને અતિથિને ધરી: "ભગવાન! મોડું તો થયું છે, અમારો ગુનો માફ કરજો. લ્યો, આ પર-માટીનું ભોજન; આરોગો."

અતિથિ કહે: "બાઈ! અમે તો અઘોર-પંથી રહ્યા. વનવગડાના વાસી. અમે માણસના માંસના ભૂખ્યા. આ કાંઈ માણસની માટી નથી."

ચે. ૨

સૌ વિચારમાં પડી ગયાં. શેઠ કહે : "આ કાંઈ અઘોરપંથી અતિથિ ન હોય! આ તો આપણો વા'લો આપણું પારખું લેવા આવ્યો છે. ઠીક છે, લાજ તો એને જ રાખવી છે!"

કલૈયો કુંવર નિશાળે ભણવા ગયો છે. બેઠો બેઠો શ્રીરામનાં ભણતર ભણે છે. માતા-પિતા આવે છે. પૂછે છે: "બાપા ચેલયા! આપણે ત્યાં સાધુ આવ્યા છે."

"એમ? ત્યારે તો અપવાસ છૂટશે."

"પણ બાપા! સાધુ તો માણસની માટી માગે છે. કહે છે, અમે તો એનું ભોજન જમનારા. દીકરા!......."

"બાપા! એમાં અચકાયા શું? માડી! એમાં મૂંઝાણી શું! આ હું દીકરો કોનો છું? ને એવા અતિથિ આપણે ત્યાં ક્યાંથી? મોત થશે તો ય સાધુને માટે છે ને? એમાં તો ભવનો ફેરો ટળશે ને જનમની જંજાળ જશે."

---

પારખું=પરીક્ષા કલૈયો=કનયો

"પણ બાપા, ચેલૈયા!...."

"બાપા! એમાં તે શું! એ તો આગળથી એમ થતું જ આવ્યું છે. સતને માટે મોરધ્વજ રાજાએ અંગ નહોતાં વે'રાવ્યાં? ને રાજા કર્ણે કાયાનાં દાન કાંઈ નો'તાં દીધાં? ને શિબિ રાજાની વાત તો બાપુ તમે જ કહેલી. બાપુ! માથે હેલ લઈ રાજા હરિશ્ચંદ્રને પાણી ભરવાં પડ્યાં'તાં તો યે એણે કાંઈ સત છોડ્યાં'તાં? બાપા! દીકરા તો મળશે પણ આવો વખત કાંઈ સાંપડશે? અવસર વરસ્યા મેહુલા."

ધન્ય છે ચેલૈયાને! ધન્ય છે એવા પુત્રને ને ધન્ય છે એનાં માતપિતાને!

જેમ ચાક ઉપરથી પિંડો ઉતારે એમ હક્ દઈને ચેલયાનું માથું ઉતારી લીધું! કહ્યું: "લ્યો મહારાજ! આ તમારું ભોજન."

"આમ કાંઈ અતિથિ ન રીઝે. તમારે તો વ્રત કરવાં છે ને? લ્યો ત્યારે, સોળે શણગાર સજો ને હસતાં હસતાં પુત્રની માટી સુધારો. એક આંસુ પડશે તો અમારે ભોજન હરામ

છે .કળપેલું ભોજન અમારાથી નહિ ખવાય!”

ચંગાવતીએ નવાં આભૂષણ પહેર્યાં છે. દીકરાની માટીનાં ભોજન નિપજાવ્યાં છે ને અતિથિને હોંશ કરી ધર્યાં છે.

કાળા માથાનો માનવી એવા કઠણ હયાનો ન હોય. જરૂર, કાં તો દેવ ને કાં તો દાનવ!

અતિથિ કહે: “બાઈ! દીકરો તો વા’લો ન કર્યો, પણ માથું તો શીંકે ચડાવ્યું છે! આ ધડનાં ભોજન તે કાંઈ મીઠાં લાગે? ભોગ લાગ્યા ને તારે ઘેર આવ્યો!”

દેવોમાં પણ હાહાકાર થઈ ગયો? પૃથ્વી ડોલવા લાગી; ઇન્દ્ર ઇન્દ્રાસન મૂકીને ભાગ્યો!

સતનાં કાંઈ આવાં પારખાં હોય?

ચેલૈયાનું માથું ખાંડણિયામાં નાખ્યું છે. ચંગાવતીએ આંખે આંજણ આંજ્યું છે; કંકુનો ચાંદલો કર્યો છે; હાલરડું ગાતી જાય છે ને માથું ખાંડતી જાય છે:—

---

કળપેલું અન્ન=મરનારની પાછળ આપેલું-શેકકળનું અન્ન
અતિથિ=મહેમાન

ચેલૈયા ખમા ખમા !
હરી મારે હાલરડે હડતાળ બાળા,
ચેલૈયા જીવો જીવો;
ચેલૈયા ખમા ખમા !
હરી મારા નોધારાના આધાર બાળા,
ચેલૈયા જીવો જીવો;
ચેલૈયા ખમા ખમા !
હરી તારા મે'તાજી જુએ વાટ બાળા,
ચેલૈયા જીવો જીવો;
ચેલૈયા ખમા ખમા !
ગયો મારો ચાખડીનો ચડનાર બાળા,
ચેલૈયા જીવો જીવો;
ચેલૈયા ખમા ખમા !
કુંવર ચેલૈયા ખમા ખમા !

રાજીપાથી રસોઈ કરી, ને અતિથિને ધરાવી. "લ્યો મહારાજ ! આ ભોજન લ્યો ને અમ પર દયા કરો."

પણ હવે તો હદ થઈ; જાણે હમણાં જ આભ તૂટી પડશે !

અતિથિ કહે છે : "બસ, બાઈ ! અમને રજા દે. તમે વાંઝિયાં છો. વાંઝિયાનું અન્ન અમને ન ખપે !"

ચંગાવતી સતી સ્ત્રી છે. સતનું એને મોઢે તેજ છે.

ચંગાવતી હસીને બોલ્યાં: "મહારાજ! સત છોડાવવા આવ્યા છો, ખરું? ઠીક ત્યારે, તયાર રહેજો. આ સતીની ગતિ જોઈ લેજો. મહારાજ! મારી લાજ રાખજે."

છરો હાથમાં લે છે; પેટમાં પાંચ માસનો ગર્ભ છે. સતી ચરડ કરતું ઉદર ચીરવા માંડે છે, ત્યાં આકાશે દુંદુભિ વાગે છે, દેવો ફૂલ વરસાવે છે! ચારેકોર જયજયકાર થાય છે!

ભગવાન સતીનો હાથ ઝાલી ઊભા રહ્યા છે. એક હાથમાં શંખ છે, એક હાથમાં ચક્ર છે, એક હાથમાં ગદા છે ને એક હાથમાં પદ્મ છે.

મહેર કરી મહારાજે ચેલૈયાને સજીવન કર્યો છે; સગાળશા શેઠ ને ચંગાવતી રાણીને અમર કરી સ્થાપ્યાં છે.

હે ભગવાન! સતિયાનું સત રાખજે, ને વૈકુંઠવાસ આપજે.

# કાચબો અને કાચબી

એક હતો કાચબો, એક હતી કાચબી.

બંને એક કૂવામાં રહે; બંને હરિનાં દાસ. પણ કાચબાની ભક્તિની તો અવધિ!

રૂડો એવો તહેવાર આવ્યો.

કાચબો કહે: "ચાલ ને આપણે મંદિર જઈએ ને દર્શન કરીએ?"

---

અવધિ=હદ

કાચબી કહે: "હું ન આવું. પારધી મળે તો દીઠાં ન મૂકે."

કાચબો કહે: "ભલી, ભગવાનમાં તો વિશ્વાસ રાખ! ઈ આપણો વા'લો આપણને સાચવશે. એને વિશ્વાસે બહાર નીકળવું છે ને!"

કાચબી કહે: "હું પાણી બહાર પગ ન મૂકું. મને ભરોંસો નથી."

કાચબે બહુ ખેંચ કરી અને કાચબો ને કાચબી કૂવામાંથી બહાર આવ્યાં; ત્યાં તો એક પારધીએ જોયાં.

પારધીને દયા કેવી? એને પ્રભુનો ડર કેવો? એને તો પ્રાણીઓ પકડવાં ને મારવાં. પારધીએ તો કાચબા-કાચબીને પકડ્યાં.

કાચબો ને કાચબી નાસીને જાય પણ ક્યાં? કૂવામાં પકડવા આવે તો તો કૂવાને તળિયે જઈ બેસે; પણ જમીન ઉપર આવ્યા પછી શું થાય? ભાગીને કેટલુંક ભાગે?

પારધીએ તો એમને પકડ્યાં ને એમનાં માથાં બાંધ્યાં.

---

પારધી=શિકારી

કાચબા કાચબીએ છૂટવાનાં ઘણાં આવલાં માર્યાં પણ કેમ છુટાય? કાંઈ કાચી દોરીએ નહોતાં બાંધ્યાં; પપલાવીને નહોતાં બાંધ્યાં.

કાચબી ધ્રૂજી ઊઠી; કાચબો જોઈ રહ્યો.

કાચબી કહે: "હું નો'તી કહેતી કે બહાર નીકળવામાં માલ નથી? માણસનો તે કાંઈ ભરોંસો હોય?"

કાચબી કકળવા લાગી.

કાચબો કહે: "ગાંડી છો? જરા હૈયે ધારણ તો રાખ? ઈ આપણો વા'લો ઊંચે બેઠો છે; ઈ જદુવીર, આપણને ન ઉગારે તો કહેજે. રામની રીત જ એવી રૂડી છે. એવી નાહકની ચિંતા તે તું શા માટે કરે છે? શું ઈ માવો આપણને મરવા દેશે, એમ?"

કાચબી દાઝે બળી કહે: "ભાળ્યો તમારો વા'લો? હું તો વારેવારે તમને વારતી'તી કે આપણે બહાર નીકળવું નથી. પણ આ અબ-ળાનું કોણ માને? નીચે મોંએ જોઈ શું રહ્યા

---

આવલાં=તરફડિયાં માવો=શ્રીકૃષ્ણ

છો ? મોઢેથી બોલો તો ખરા કે જ્યાં કાળો કાળ આવીને ઊભો રહેશે ત્યાં કોણ ઉગારશે ? આ મોતની નિશાની તો થઈ ચૂકી. તમારો પ્રભુ તો ક્યાંઈ દેખાતો નથી."

કાચબો કહે : "આનું નામ સ્ત્રીની જાત. કરોડ ઉપાય કરો ને ? ઇતબાર જ ન આવે. કોઈનું કહ્યું એ ન માને; એક પોતાનું ગાયું ગાયા કરે. વિશ્વાસનું તો નામ નહિ. આખરે બાયડી તે બાયડી ! સ્ત્રીની મતિ પાનીએ; એમાં બીજું શું નીકળે ?"

એટલામાં તો પારધીએ લાકડાં સળગાવ્યાં ને તાપ કર્યો. ને કાચબા-કાચબીને તાપ તરફ લઈ ચાલ્યો.

કાચબી રડવા લાગી. કહે : "તું કહેતો'તો ને કે રામ રાખશે ? બતાવ તારો રામ. ક્યાં છે ઈ રાખવાવાળો ? ને પ્રાણ ગયા પછી ઈ આવશે તો શું વળશે ?"

કાચબો શું બોલે ? એ તો ભગવાનનું

ઈતબાર=વિશ્વાસ

નામ લેવા મંડ્યો; ભગવાનની આરાધના કરવા લાગ્યો : "હે ત્રિકમજી! ત્રણ લોકમાં મને તારો જ ઇતબાર છે. હે હરિ! મને તો તો અટક પડી છે. હે ભગવાન! તું મારા આત્માનો આધાર છે, હે છોગાળાજી! આ એક છેલ્લી વાત છે. હે બળવંત! ગરીબના બેલી થજે."

કાચબી ચિડાઇ ગઈ. હાય મારીને બોલી : "અરે, હવે જવા દે! તારો જગદીશ તો ક્યાં ય જતો રહ્યો, ને આણે તો તાપમા ય ઓર્યાં! હવે ઊગરવાનું કયાં બળ્યું છે?"

કાચબો કહે : "અરે કાચબી! તું બળતી હોય તો મારી પીઠ ઉપર બેસ. હું મરીને તને જિવાડીશ, પણ મારા નાથની નિંદા કરવી તું રહેવા દે! તારાં આ વેણ મને એક એક બાણ જેવાં વસમાં લાગે છે. જો તો ખરી, મારો વા'લો આવીને ઉગારે છે કે નહિ?"

આગ ભડભડ બળતી હતી અને કાચબો-કાચબી વચ્ચે તપતાં હતાં. "હમણાં શેકાશે,

---

અટક–ભીડ. બેલી=મદદગાર

હમણા શેકાશે ! હમણાં પ્રાણ નીકળશે, હમણાં જીવ નીકળી જશે !" એમ થતું હતું.

કાચબીનો જીવ તરફડવા લાગ્યો : પ્રાણ કંઠે આવ્યા. કાચબી કહે : "આ તારો કિરતાર તો ન આવ્યો ને આપણો તો અંત દેખાયો. એ તે કોઈના હાથમાં રહ્યા છે? ભક્તનો તંત બાંધીને બેઠા છે તે ! તારે એનો વિશ્વાસ હશે; બાકી મને તો એનો ઘડીનો ય ઈતબાર નથી."

કાચબો કહે : "હે નાથ ! હવે બહુ થઈ. હવે હદ આવી. આવી તે કસોટી હોય ? હે વિઠ્ઠલ ! વા'રે ચડજો. હે શામળા ! મારી સાર કરજો. હે ભગવાન ! આમાં તો તારી લાજ જશે. હે હરિ ! મારી હાંસી થશે ને તારી પ્રતીતિ જશે. હે નાથ ! વહેલો વહેલો ધાજે ને આ કાચબા-કાચબીને ઉગારજે."

અને ભગવાન તો દયાળું છે ને ! ભક્તના વત્સલ છે ને ? દાસની દયા એને કેમ ન આવે ?

આકાશમાં મેઘ મલ્હાર ગાજ્યો, વીજળી

તંત=હઠ સાર=મદદ પ્રતીતિ=વિશ્વાસ

ચમકી અને મુશળધાર વરસાદ તૂટી પડ્યો. ચારે કોર જળ જળ થઈ ગયું. તાપ ઓલાઈ ગયો ને કાચબો-કાચબી ઊગર્યાં ! સાવ અણુ-ધાર્યાં ઊગર્યાં !

એ તો એમ જ છે ને ? જેને ભરોંસો છે તે તો તરે જ ના ? સત તો ભરોંસાનું છે ના ?

# આધ:વાવ

બાર બાર વરસે માધાવાવ ગળાવી;
તો યે ન નીસર્યાં નીર મારા વા'લા.

બાર બાર વરસ સુધી માધાવાવ ગળાવી તો યે પાણી ન નીકળ્યાં.

રાજા મૂંઝાયો છે. લમણે હાથ દઈ બેઠો છે. રાજા કહે છે: "જાણતલ જોશીને તેડાવો; જોશ જોવરાવો. વાવ નીર વિના કેમ છે?"

જોશી આવ્યા છે. કચેરી બેઠી છે. રાજા વિચાર કરે છે, પ્રજા વિચાર કરે છે : " જોશમાં શું આવશે ? "

જોશી ડોકું ધુણાવે છે; ટીપણું વાળીને પાઘડીમાં ખોસે છે.

રાજા કહે : " કેમ જોશી મહારાજ ! ડોકાં કેમ ધુણાવ્યાં ? કાંઈ માઠાં શકન આવ્યાં છે ? "

જોશી ફરી ટીપણું ઉઘાડે છે, ફરી ડોકું ધુણાવે છે.

રાજા કહે : " જોશીજી ! જે હોય તે કહી દ્યો. નીર કેમ નથી આવતાં ? શું દેવ રૂઠ્યા છે કે કુળદેદ કકળ્યા છે કે કોઈ માતા કે મેલડીનું દાપું આપવું બાકી રહી ગયું છે ? જુઓ ને મહારાજ ! કોઈ પીરબીર તો નથી કોપ્યા ને ? બાર લાખે મજૂરી કરી, બાર લાખનાં પાણી કર્યાં, બાર બાર તો વરસો વીત્યાં પણ પાણી કેમ નથી આવતાં ? "

ને જોશીને હૈયે હિંમત આવી. મનમાં કહે : " કહું તો ખરો જ. ગમે તો ય ભલે, ને ન

શકર=પ્રશ્ન

ગમે તો ય ભલે. બ્રાહ્મણનો દીકરો છું; કાંઈ જૂઠું બોલાશે ?"

જાણંતા જોશીએ એમ જ કીધું:
માધાવાવ માગે છે ભોગ મારા વા'લા;
દીકરો ને વહુ પધરાવો મારા વા'લા.

જોશી બોલ્યા : "માધાવાવ બળિદાન માગે છે. કનૈયો કુંવર ને આણાત વહુને વાવમાં પધરાવો."

કચેરી ખગેકાર થઈ રહી. હાથ ત્યાં હાથ ને પગ ત્યાં પગ! કોઈ હલે કે ચલે, કોઈ બોલે કે ચાલે! ચારેકોર સૂનકાર!

વજમલ કુંવર ઘોડો ખેલવે છે; ઘડીક આ પાટી નાખે છે, ઘડીક બીજી પાટી નાખે છે. પાણીપંથો ઘોડો ને પાતળિયો અસવાર; પૂરી મૂછે ફૂટી નથી. ઉપર પરસેવાનાં મોતી બાઝ્યાં છે.

માણસ આવીને કહે છે:

"ઘોડલો ખેલવતા હો વજમલ દીકરા;
દાદાજી બોલાવે મારા વા'લા."

---

ખગેકાર=ખગાકાર; દિંગ

ઝડપ વજમલ કુંવર ઘોડેથી હેઠે ઊતરે છે. કચેરીએ જઈને "દાદાજીને પાય લાગે છે ને કહે છે: "દાદાજી! એવાં તે અમારાં શાં કામ પડ્યાં? દાદાનું વેણ એ તો અમારે પ્રભુની આજ્ઞા! એક દાદાના બોલની વાર છે. દાદો કહે તો જુદ્ધે ચડું, દાદો કહે તો દુશ્મનને મારું, દાદો કહે તો ધણ વાળું. દાદો કહે તે કરું, દાદાનું વેણ પાછું વાળું તો વજમલની જુવાની ને વજમલની જણનારી લાજે ને?"

દાદાજી કહે:

"બાર બાર વરસે સાધાવાવ ગળાવી;
તો યે ન નીસર્યાં નીર મારા વા'લા.
જાણંતા જોશીએ એમ જ કીધું;
દીકરો ને વહુ પધરાવો મારા વા'લા."

વજમલે છાતી ફુલાવી. મૂછે તાલ નાખ્યો. ઝળકતી જુવાનીએ ખોંખારીને બોલ્યો: "વાહ વાહ, આજ જુવાની સફળ થઈ! આવા ભોગ ક્યાંથી દેવાના હોય? રજપૂતોને વળી બીજું શું ગમે? કાં તો રાજ માટે, કાં તો પાટ માટે, કાં તો સત માટે, કાં તો પ્રેમ માટે અને કાં

તો પોતાની પેટ જેવી પ્રજાને માટે રજપૂત માથું ન આપે તો બીજો કોણ આપે? એની માએ એને એટલા સારુ જ જણ્યો છે ને?

"અમને શું પૂછો મારા સમરથ દાદા;
પારકી જણીને પૂછી આવો મારા વા'લા."

ઘરડી આંખમાં આંસુ તગતગ્યાં. આંસુ હરખનાં હતાં. દાદા કહે: "આ દીકરો કુળનો દીવો થયો. સાત વડવાને તારશે. દીકરા તે આનું નામ. દેવે દીધા ય પ્રમાણ!"

* * *

જાડેજી બેઠાં છે. ખોળામાં બાવન બેટડો ધાવે છે. માની મીઠી નજર દીકરા ઉપર ઠરી રહી છે. ત્યાં દાસીએ આવીને કહ્યું:

"બેટડો ધવરાવતાં હો વહુ રે જાડેજી;
સાસુજી બોલાવે મારા વા'લા."
"શું રે કહો છો મારા સમરથ સાસુ;
શું રે પડ્યાં છે કામ મારા વા'લા."

સાસુ કહે છે: "દીકરા જાડેજી! કામ તો પડ્યાં છે, પણ આકરાં પડ્યાં છે. જાણો છો ને?

બાર બાર વરસે માધાવાવ ગળાવી;
તો યે ન નીસર્યાં નીર મારા વા'લા.

જાણંતા જોશીએ એમ જ કીધું;
માધાવાવ માગે છે જોડ મારા વા'લા;
દીકરો ને વહુ પધરાવો મારા વા'લા!

જાડેજી વહુ! જોજો, જનેતાની કૂખ ન લાજે! દીકરો વજમલ તો ક્યારનો ઉતાવળો થઈ રહ્યો છે. ઘણો ય પ્રાણ જેવો વહાલો છે, ઘણાં ય જતન કર્યાં છે; અને માનો જીવ છે ને? પણ તો યે શું? રજપૂતાણીના દીકરા કાંઈ ખાટલે મરે? એ તો ક્યાંક સામે ઘાયે ઝૂઝતાં પડે ને ક્યાંક આમ કોઈને માટે દેવું આપે: કાં તો ગાય માટે, કાં તો બ્રાહ્મણ માટે, કાં તો બાળક માટે, કાં તો અબળા માટે, ને કાં તો દૂધ જેવી પ્રજા માટે. રજપૂતાણીનું હૈયું હારે તો પછી રજપૂતનું પડખું સેવ્યું ન સેવ્યું!"

જાડેજી કાંઈ જેવાં તેવાં ન હતાં. રૂપસંગ જાડેજાનાં ને રૂપાળી બાનાં! ને પડખાં તો વજમલનાં સેવ્યાં'તાં!

જાડેજી બોલ્યાં: "માને કહેવરાવો, ચૂંદડી લાવે ને જાડેજીને ઓઢાડે. આ તો માને ઘેર જવાં છે; માને ખોળે બેસવાં છે."

તરત જ વાળંદને બોલાવ્યો છે ને સંદેશો મોકલ્યો છે :

“ભાઈ રે વાળંદિયા, ને વીરા રે વાળંદિયા!
સંદેશો લઈ જાજે મારા વા’લા.
મારી માતાને એટલું રે કે’જે;
ચૂંદડી ને મોડ લઈ આવે મારા વા’લા.”

* * *

કુંવર વજમલને શણગાર્યા છે. કેડે તલવાર લટકી રહી છે; માથે નવઘરું બાંધ્યું છે; જરકશી જામો પહેર્યો છે; કંકુનાં છાંટણાં છાંટ્યાં છે; ખંભે ઉપરણી લટકે છે; હાથમાં લીંબુ છે. જાણે વરરાજા પરણવા ચાલ્યા! મોઢું તો મરક મરક થાય છે!

માથે મોડ ને ઉપર ચૂંદડી. પરણ્યાનાં પાનેતર પહેર્યાં છે; દાંતનો ચૂડો ચડાવ્યો છે, નવી એવી મોજડી પહેરી છે. કપાળે પિયળ કાઢી છે, સિંદૂરસેંથો પૂર્યો છે, કાળાં કાજળ આંજ્યાં છે. જાણે વર વરવા લાડડી ચાલી!

ઢોલ શરણાઈ વાગ્યાં છે; ત્રાંબાળું નોબત ગડગડી છે; નોબતનિશાન ફરફર્યાં છે; ગામ

બધું હલકયું છે. બંદીજનો ને ભાટચારણો બળિદાનનો મહિમા ગાઈ રહ્યા છે.

રજપૂત કુળનો ને રજપૂતાણીનો આજે મોટો ઉત્સવ છે.

વાજતે ગાજતે બેઉ માધાવાવ આવ્યાં છે; ફરતી હેકડેઠઠ જામી છે; હૈયેહૈયું દળાય છે; કાંઈક હરખનાં ને કાંઈક શોકનાં આંસુની નદીઓ ચાલી છે.

લોક વાણી વદે છે: "આ જો ને કનૈયો કુંવર ને મોડબંધી વહુ!"

"આ માધાવાવ તો મોંઘામૂલા જીવ લીધા!"

"ધન્ય છે એની માજનેતાને, ને ધન્ય છે એના બાપને!"

"હે ભગવાન! સતિયાનું સત રાખજે."

બધી તયારી થઈ રહી છે; બ્રાહ્મણ વેદ ભણે છે; ગોર આશિષ દઈ રહ્યા છે; મંગળ ગીત ગવાય છે. કુંવર ને જાડેજી પહેલે પગથિયે પગ મૂકે છે.

"હે!" કરીને લોક હબકયું છે—શ્વાસ થંભી ગયો છે; કોઈ બોલે કે ચાલે; કોઈ હલે કે ચલે! સૂરજ ઊભો રહ્યો; પવન બંધ પડયો. હવે શું થશે?

પહેલે પગથિયે પગ મૂક્યો છે; પાતાળ પાણી ઝળક્યાં છે; આનંદ-લહેરી ઊછળી છે.

"ધન્ય છે! ધન્ય છે!" ગામ ને ગગન ગાજી રહ્યાં છે.

બીજું પગથિયું ઊતર્યાં છે. નીર નજરે દેખાયાં છે. "વાહવાહ! વાહવાહ!" લોક બધું જોઈ રહ્યું છે; હૈયેહયું હલી રહ્યું છે.

ત્રીજું પગથિયું ઊતર્યાં છે; નીર કાંડા સમાણાં આવ્યાં છે.

"નીર આવ્યાં; નીર આવ્યાં! માધાવાવે નીર આવ્યાં!" ત્યાં તો કુંવર ને જાડેજી ચોથું પગથિયું ઊતર્યાં. નીર ગોઠણ સમાણાં થયાં છે, ને પાંચમે પગથિયે માધાવાવનાં પાણી કેડ સુધી પહોંચ્યાં છે.

કુંવરને મોઢે સૂરજનું તેજ ચડે છે, જાડેજી

તો જાણે જોગણીનો અવતાર! સાક્ષાત્ જોગણી! સતીનું સત જોઈ "જે અંબે! જે અંબે!" ગાજી રહ્યું છે. સ્ત્રીઓ છોકરાંને લઈને દોડી છે; જાડેજીને પગે લાગે છે. વહુ દીકરીઓ અખંડ હેવાતણ માગે છે. સતી માગ્યું આપે છે. કોઈ ફૂલ વધાવે છે, કોઈ અગરુચંદનના ધૂપ કરે છે, કોઈ આવીને આરતી કરી જાય છે.

પછી તો છઠ્ઠે પગથિયે પગ મૂક્યો; ગળા સમાણાં નીર આવ્યાં.

છઠ્ઠે પગથિયે જઈ પગ દીધો;
ગળા સમણાં નીર મારા વા'લા!

માધાવાવ જળ જળ થઈ રહી છે. માણસ મીઠા જળની અંજલિ લે છે. હજારો માણસ નાળિયેર લઈને ઊભાં છે; કુંવરને ને જાડેજીને ને માધાવાવને વધાવે છે.

નોબત ગડગડી, નિશાન-નેજાં ફરક્યાં; ઢોલ ધડૂક્યા. "જે....જે....જે....!" ને કુંવર તથા જાડેજીએ સાતમે પગથિયે પગ દીધો.

---

હેવાતણ=સૌભાગ્ય; પતિ જીવતો હોવો તે

સાતમે પગથિયે જઈ પગ દીધો;
પરવશ પડિયા પ્રાણ મારા વા'લા!

કુંવર ને જાડેજી તળિયે ગયાં છે. પાણી ઉપર ઉપરણી, ચૂંદડી ને મોડિયો તરે છે.

જળદેવીએ કુંવરને ને જાડેજીને પોતાને ખોળે લઈ લીધાં છે, પોતાનાં કરીને રાખ્યાં છે.

માધાવાવનાં નીર ટોડા ઉપર થઈને ખળખળ ખળખળ વહી રહ્યાં છે. કોઈ જળને પીએ છે, કોઈ માથે ચડાવે છે, કોઈ આંખે અડાડે છે; કોઈ પગે લાગીને પાવન થાય છે.

ઊભરાઇ જતી માધાવાવ અને ઊભરાઈ જતું લોકહૃદય આ બળિદાનનો મહિમા ગાય છે. ગાય છે, કાળના અંત સુધી ગાય છે—

બાર બાર વરસે માધાવાવ ગળાવી;
તો યે ન નીસર્યાં નીર મારા વા'લા!

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન**

(વિગતવાર સૂચિપત્ર મગાવો)

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫. કબાટ
૬ બાળકોનો બીરબલ ૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વકચપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ ૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
કમળા બેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૨
૬૨ ઓતરાતી દીવાલો–૧
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–બહાર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વ્રતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... સેટના ૧૫-૦૦
સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... ,, ૧૦-૦૦
સોટી-પોઠી (૩૦ પુસ્તકો) લે૦ ધનંજય શાહ ,, ૪૭-૫૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... ,, ૮-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ